આતંકવાદ વિરોધી ભારત-ઇન્ડોનેશિયા સંયુક્ત કાર્યકારી જૂથની 7મી બેઠક

આતંકવાદ વિરોધી ભારત-ઇન્ડોનેશિયા સંયુક્ત કાર્યકારી જૂથની 7મી બેઠક 12 નવેમ્બર 2026 ના રોજ નવી દિલ્હીમાં યોજાઈ હતી. આ બેઠકની સહ-અધ્યક્ષતા ભારતના વિદેશ મંત્રાલયના અતિરિક્ત સચિવ (આતંકવાદ વિરોધી) ડૉ. સુહેલ અઝાઝ ખાન અને ઇન્ડોનેશિયા ગણરાજ્યની રાષ્ટ્રીય આતંકવાદ વિરોધી એજન્સી (બીએનપીટી)ના આંતરરાષ્ટ્રીય સહકાર વિભાગના નાયબ શ્રી ડિઓનિસિયસ એલ્વન સ્વાસોનોએ કરી હતી. બંને પક્ષોના સંબંધિત વિભાગો અને એજન્સીઓના પ્રતિનિધિઓએ પણ બેઠકમાં ભાગ લીધો હતો.

2. વ્યૂહાત્મક ભાગીદારો તરીકે, બંને પક્ષોએ આતંકવાદને અટકાવવા અને તેનો સામનો કરવા માટે દ્વિપક્ષીય સહયોગના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો. બંને પક્ષોએ આતંકવાદના તમામ સ્વરૂપો અને અભિવ્યક્તિઓની સ્પષ્ટ અને સખત નિંદા કરી તથા આતંકવાદ પ્રત્યે શૂન્ય સહિષ્ણુતાના સિદ્ધાંત પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતાની પુનઃપુષ્ટિ કરી હતી. બંને પક્ષોએ આતંકવાદનો સર્વાંગી અને સતત ધોરણે સામનો કરવા માટે નિર્ણાયક તથા સંકલિત આંતરરાષ્ટ્રીય પ્રયાસો કરવાની પણ હાકલ કરી હતી.

3. બંને પક્ષોએ ઘરેલું, પ્રાદેશિક અને વૈશ્વિક સ્તરે આતંકવાદની સ્થિતિ તથા સીમાપાર આતંકવાદ સહિતના જોખમોના મૂલ્યાંકન અંગે વિચારોનું આદાન-પ્રદાન કર્યું હતું. તેમણે આતંકવાદ વિરોધી વર્તમાન અને ઉભરતા પડકારો અંગે ચર્ચા કરી હતી, જેમાં આતંકવાદને પ્રોત્સાહન આપતા કટ્ટરપંથીકરણ અને હિંસક ઉગ્રવાદનો સામનો કરવો, આતંકવાદના ધિરાણ સામે લડવું, આતંકવાદી હેતુઓ માટે ઇન્ટરનેટ તથા નવી અને ઉભરતી ટેકનોલોજીના દુરુપયોગનો સામનો કરવો અને સંગઠિત અપરાધ તથા આતંકવાદ વચ્ચેના સાંઠગાંઠનો સમાવેશ થાય છે.

4. બંને પક્ષોએ આતંકવાદનો વ્યાપક અને સતત ધોરણે સામનો કરવા માટે આંતરરાષ્ટ્રીય સહયોગને મજબૂત બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે વૈશ્વિક આતંકવાદનો અસરકારક રીતે સામનો કરવા માટે યુએન, આસિયાન, બ્રિક્સ અને એફએટીએફ સહિતનાં બહુપક્ષીય મંચો પર સહયોગ મજબૂત કરવાની પોતાની પ્રતિબદ્ધતાની પુનઃપુષ્ટિ કરી હતી.

5. આતંકવાદ વિરોધી ક્ષેત્રમાં સતત ચાલુ રહેલો સહયોગ ભારત-ઇન્ડોનેશિયાની વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીનો એક મહત્ત્વપૂર્ણ ઘટક બની રહ્યો છે.

6. ઇન્ડોનેશિયાનું પ્રતિનિધિમંડળ 13 નવેમ્બર 2026 ના રોજ રાષ્ટ્રીય સુરક્ષા ગાર્ડ (એનએસજી)ના મુખ્યાલયની મુલાકાત લેશે અને દ્વિપક્ષીય ક્ષમતા નિર્માણ પગલાંના માર્ગો પર ચર્ચા કરશે.

7. બંને પક્ષો પરસ્પર અનુકૂળ તારીખે જકાર્તામાં આતંકવાદ વિરોધી સંયુક્ત કાર્યકારી જૂથની આગામી બેઠક યોજવા સંમત થયા હતા.

નવી દિલ્હી

12 નવેમ્બર, 2026